# ધાનેરા તાલુકાના જોરાપુરા ગામે તીડનું આક્રમણ

## જિલ્લા કલેકટર સહિત જિલ્લા વિકાસ અધિકારી અને સ્થાનિક તંત્રની ટીમ તાત્કાલિક ઘટના સ્થળે







બનાસકાંઠા જિલ્લાના ધાનેરા તાલુકાના જોરાપુરા ગામે તીડ નું આક્રમણ થતાં જિલ્લા કલેકટર સહિત જિલ્લા વિકાસ અધિકારી અને સ્થાનિક તંત્રની ટીમ તાત્કાલિક ઘટના સ્થળે આવી પહોંચી છે અને નિયંત્રણ કરવા માટેની કામગીરી હાથ ધરવામાં આવી છે.

બનાસકાંઠા જિલ્લાના સરહદી વિસ્તાર બાદ હવે તીડ નો ફેલાવો થઈ રહ્યો છે અને ધાનેરા વિસ્તારમાં તીડ નું આક્રમણ થતાં ખેડૂતો ભયભીત બન્યા છે.ત્યારે ગત રાત્રિએ ધાનેરા તાલુકાના જોરાપુરા ગામ માં તીડ રાત્રી રોકાણ કરતાં વહેલી સવારે બનાસકાંઠા જિલ્લા કલેકટર જિલ્લા વિકાસ અધિકારી સહિત સ્થાનિક તંત્રની ટીમ તાત્કાલિક ઘટના સ્થળે આવી પહોંચી હતી અને નિયંત્રણ કરવા માટેની કામગીરી હાથ ધરવામાં આવી છે ધાનેરા તાલુકાના જોરાપુરા ગામ માં તંત્ર દ્વારા તીડ નિયંત્રણ માટેની કામગીરી હાથ ધરવામાં આવી હતી પરંતુ જે દવાનો છંટકાવ કરવામાં આવી રહ્યો હતો તે દવા તીડ સુધી ન પહોંચતા ક્યાંકને ક્યાંક તીડ નિયંત્રણ કરવામાં તંત્રને નિષ્ફળતા મળતી હોય તેવું ખેડૂતો જણાવી રહ્યા છે સાથે સાથે ખેડૂતો માંગ પણ કરી રહ્યા છે કે તંત્ર દ્વારા અને સરકાર દ્વારા આધુનિક ટેકનોલોજી અપનાવી સવારે તાત્કાલિક ધોરણે અને નિયંત્રણ કરવામાં આવે તેવી માંગ ઉઠી રહી છે વહેલી સવારથી જ તંત્રની સાથે સાથે સ્થાનિક ખેડૂતો પણ પોતાના સાધનો લઈને દવા છંટકાવના કામે લાગી ગયા છે અને તંત્રને મદદરૂપ થઈ રહ્યા છે ત્યારે તાલુકાના જોરાપુરા ગામે સ્થાનિક ધારાસભ્ય પણ આવી પહોંચ્યા છે અને ખેડૂતોને મદદરૂપ થવા માટે ના કાર્ય કરી રહ્યા છે તો બીજી તરફ તાત્કાલિક ધોરણે નિયંત્રણ થાય તેવી ધારાસભ્ય પણ માંગ કરી રહ્યા છે

સ્થાનિક તંત્રની સાથે સાથે રાજકીય આગેવાનો પણ જોરાપુરા ગામે દોડી આવે છે અને ખેડૂતોને મદદરૂપ થવા માટેના અવનવા કીમિયા અપનાવી રહ્યા છે ત્યારે ધાનેરા નગરપાલિકાના પૂર્વ પ્રમુખ બલવંતસિંહ બારોટ દ્વારા નગરપાલિકાના ફાયર ફાઈટર ઘટનાસ્થળે આવી ફાયર ફાઈટર માં દવા નાખી નિયંત્રણ માટેની કામગીરી હાથ ધરવામાં આવી છેતીડ રાત્રી રોકાણ કર્યા બાદ વહેલી સવારે તમામ તીડ આજુબાજુ રહેલા વૃક્ષો ઉપર બેઠા હતા અને તંત્ર દ્વારા ઝાડ પર બેઠેલા અને નાશ કરવા માટે દવાનો છંટકાવ કરવામાં આવતો હતો પરંતુ દવા તીડ સુધી ન પહોંચતા તંત્ર અને ક્યાંક ને ક્યાંક દવા છટકાવ માં નિષ્ફળતા મળતી હોય તેવું લાગી રહ્યું છે તો બીજી તરફ સ્થાનિક લોકો પણ જણાવી રહ્યા છે કે આ કામગીરીથી માત્ર ૨૦ ટકાથી ઉપર જ નિયંત્રણ લાવી શકાય છે અને અત્યારે તમામ તીડ ઝાડ પરથી ઉડી ગયા છે ત્યારે હવે જોવાનું એ રહે છે કે ક્યારે અતીત પર નિયંત્રણ આવે છે અને ખેડૂતો નિરાંતે બેસે છે.

## તીડની આફતે થરાદ પંથકના ૧૦ ગામોના ખેડૂતોની હજારો હેકટરમાં રવિપાકનો કર્યો વિનાશ

થરાદ વાવ તાલુકાના અંતરિયાળ વિસ્તારના રાજસ્થાન બોર્ડરને અડીને આવેલા ૧૦ જેટલા ગામોના ખેડૂતોની ખેતીની હજારો હેકટર જમીનમાં કરેલા રવીપાકને આકાશી આફતે છેલ્લા ૧૫ દિવસથી તબાહ મચાવી દીધી છે અચાનક તીડના ઝુંડ પવન દિશાએ ઉતરી પડતાં જગતના તાતને બરબાદ કરી દીધો છે તીડ નામની આકાશી આફત આવતાં બનાસકાંઠા વહીવટીતંત્ર તેમજ રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકાર માંથી મંત્રીઓ વિસ્તારની મુલાકાતે દોડી આવી તીડ આફતને અંકુશ કરવાના પ્રયાસો હાથ ધરાઈ રહ્યા છે.

બનાસકાંઠા સંસદ પરબત પટેલ સ્થાનિક ના નાતે અને પોતાનો મત વિસ્તાર હોવાથી ખેડૂતોની સતત ચિંતા કરી પડખે રહ્યા છે ભારત સરકાર તેમજ રાજ્ય સરકાર ને જાણ કરી સતત સક્રિય રહ્યા છે કૃષિમંત્રી આર સી ફળદુ ત્રીજા દિવસ માટે તીડ પ્રભાવિત ગામોની મુલાકાત કરી રહ્યા છે હજુ પણ રાજસ્થાન તરફથી તીડ આવવાની શક્યતા હોવાથી કૃષિમંત્રી સંભવિત ગામોની મુલાકાત માટે દોડી રહ્યા છે નિયંત્રણ ટિમો તેમજ ખેડૂતોને જાતે દવા છંટકાવ કરવા પ્રવાહી દવા આપવાની જાહેરાત કરવામાં આવી રહી છે.

તાલુકાના કાસવી, તાખુવા, આતરોલ, નારોલી, રડકા, વાઘસણ, મિયાલ, વાંતડાઉ, બેટલીયા, ભરડાસર,તાખુવા જેવા ગામોમાં ઊડતી આફતે રવિપાકનો સફાયો બોલાવી દીધો છે.

વાઘાસણ ગામેની મુલાકાત લેતા ખેતરમાં ભાગીયા તરીકે રહેતા પરિવારે રવીપાકમાં ૫ હેકટર જેટલી ખેતીની જમીનમાં રવિપકમાં જીરુનું વાવેતર કરેલ હતું તે ટીડની આફતે નષ્ટ કરી દેતાં પરિવાર લમણે હાથ દઈને ભગવાવને દોષ આપતો નજરે પડ્યો હતો અને વધુમાં જણાવ્યું હતું કે સરકાર સહાય આપશે તો કેટલી આપશે અને આપશે તો ખેતર માલિકને આપશે અમારા જેવા ગરીબ ખેતમજૂર પરિવારોનું શુ થશે તેવું કહી બને હાથ જોડી વીંન્તિ કરી રહ્યા હતા.

# માઉન્ટ આબુમાં તાપમાન માઈનસ ૩ ડિગ્રી !

## માઉન્ટ આબુમાં આવેલા સહેલાણીઓ લઈ રહ્યા છે ઠંડીની મજા !





માઉન્ટ આબુમાં તાપમાનમાં ઘટાડો થતાં ઠેર ઠેર બરફ જામી ગયો હતો. તાપમાનમાં વધુ ઘટાડો જોવા મળતા પારો માઈનસ ૩ ડિગ્રી થતાં માઉન્ટઆબુમાં બરફ જામી ગયો હતો અને આ હાડ થીજવતી ઠંડીથી બચવા માટે લોકોએ ગરમ કપડાં અને તાપણાનો સહારો લેવો પડ્યો હતો વધુ ઠંડી પડતા સહેલાણીઓમાં ઘટાડો જોવા મળ્યો હતો.

રાજસ્થાનના એક માત્ર હિલ સ્ટેશનમાં તાપમાન માઈનસમાં જતાં લોકો ઠુંઠવાયા હતા. ઘણી જગ્યાએ પાણી પર બરફના થર જામ્યા હતા. લોકોએ બોનફાયર અને ચાની ચુસ્કી લઈને ઠંડીથી બચવા પ્રયાસ કર્યો હતો. માઉન્ટ આબુમાં ઠંડી સતત વધી રહી છે. માઉન્ટઆબુવાસીઓ દિવસ દરમિયાન ઘરોમાંથી બહાર નીકળવાનું પણ ટાળી રહ્યા છે. આજે તાપમાન આ શિયાળામાં પ્રથમ વખત માઈનસ નોંધાયું હતું. તાપમાનમાં ઘટાડો થયા બાદ માઉન્ટ આબુના મેદાનોની બહાર પાર્ક કરેલી કારની છત બરફના થરો જામી ગયા હતા. આ શિયાળામાં પહેલીવાર જ્યારે તાપમાન માઈનસ પર પહોંચ્યું ત્યારે ઠંડીની અસર હવે તીવ્ર બની છે. હિલ સ્ટેશન માઉન્ટ આબુમાં પહોંચેલા પ્રવાસીઓ મોસમની મજા માણવા માટે મોટી સંખ્યામાં માઉન્ટઆબુ પહોંચ્યા છે. ઠંડીની મજા માણવા કેટલાંક પર્યટકો નકીલેક ખાતે ચાલવા નિકળ્યા જોવા મળ્યું હતું. ઠંડીને કારણે મોટાભાગના પર્યટકો હોટલોમાં પુરાઈ રહ્યા હતા.

# ધનસુરા નજીક તેનપુર વિસ્તારમાંથી ગેરકાયદે લઈ જવાતા લીલા લાકડા ઝડપાયા

## મોડાસા ફોરેસ્ટ અધિકારીએ લાકડા ભરેલું ટ્રેક્ટર ઝડપી કાર્યવાહી હાથ ધરી

મોડાસા, તા. ૨૮

કેટલાક અસામાજીક તત્વો વન સંપદાને પોતાના સ્વાર્થ માટે ખુવાર કરી રહ્યા છે. ગેરકાયદેસર રીતે જંગલોમાંથી લાકડા કાપીને બજારોમાં વેચાણ કરી રૂપિયા રળી લેવાના નુસખા કરતા હોય છે. ત્યારે શુક્રવારના રોજ ધનસુરા નજીક તેનપુર વિસ્તારમાંથી વન વિભાગે ગેરકાયદે લઈ જવાતા લીલા લાકડાનો જથ્થો ઝડપી પાડ્યો હતો. ટ્રેક્ટરમાં લાકડા લઈ જવાતા હતા જેને ફોરેસ્ટ વિભાગે ઝડપી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

આ અંગે મળતી વિગતો અનુસાર અરવલ્લી ફોરેસ્ટ વિભાગ ચેકીંગમાં હતું દરમિયાન ધનસુરાના તેનપુર વિસ્તારમાંથી એક શંકાસ્પદ ટ્રેક્ટર નિકળતાં વન વિભાગના અધિકારીઓએ તેને ઉભું રાખીને તપાસ કરી હતી. તપાસ દરમિયાન અધિકારીઓને ટ્રેક્ટરમાં લીલા લાકડાં ગેરકાયદે રીતે લઈ જવાતા હોવાનું માલુમ પડ્યું હતું. ગેરકાયદેસર લાકડા કાપીને લઈ જવાતા હોવાને પગલે વન વિભાગે ટ્રેક્ટરને જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. ઉલ્લેખનીય છે કે અરવલ્લી જિલ્લામાં વનસંપદા કુદરતે સારા પ્રમાણમાં આપી છે પરંતુ વન માફિયાઓ પણ પોતાની હરકતોથી વાજ ન આવતા હોય તેમ ચોરીછુપીથી લાકડાં કાપીને લઈ જવાનું મસ મોટું કૌભાંડ ચાલી રહ્યું હોવાનું લોકમુખે ચર્ચાઈ રહ્યું છે.

### સરકારી ગૌચરમાં સરપંચની મિલીભગત હોવાની ચર્ચા

લોકચર્ચામાં જાણવા મળ્યા મુજબ ધનસુરાના તેનપુર વિસ્તારના ગૌચરમાંથી લાકડા કાપી જવાતા હોવાની બુમ ઉઠી હતી. જેના પગલે વન વિભાગે પણ તપાસ આદરી હતી. પરંતુ કેટલાક લોકોએ એમ પણ જણાવ્યું હતું કે સરકારી ગૌચરમાંથી કપાતા લાકડાઓના કૌભાંડમાં સરપંચની પણ મિલીભગત છે. જેના કારણે લાકડા કાપી જનારા બેફામ બન્યા છે.



# હિંમતનગરના નવાનગર ખાતે સિંચાઈ કામોનું લોકાર્પણ

## પાણી કરકસરથી વપરાય તે જોવાની આપણી સૌની જવાબદારી છેઃ નાયબ મુખ્યમંત્રી નીતિનભાઇ પટેલ

## ગુજરાત સરકારે ૧૮ લાખ હેક્ટરમાં ડ્રીપ ઈરીગેશન માટે ૬૨૦૦ કરોડની ખેડૂતોને સબસીડી આપી છે





હિંમતનગર, તા. ૨૮

સાબરકાંઠાના હિંમતનગર તાલુકાના નવાનગર ખાતે શુક્રવારે મોડી સાંજે નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલના હસ્તે ગુહાઈ સિંચાઈ વિભાગ દ્વારા કેનાલથી નવાનગર તળાવની બાજુમાં બનાવેલ સંપમાં સિંચાઈ માટે મળેલ પાણીથી ડ્રીપ ઈરિગેશનના ખેડૂતલક્ષી કાર્યોનુ લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ સિંચાઈ માટે મળેલ પાણીને કમાન્ડ વિસ્તારના ૪૭૦ હેક્ટર જમીનને ડ્રીપ ઈરિગેશન દ્વારા પિયતનો લાભ મળશે. જેના થકી ખેડૂતોના પાક પાણી મળી રહેશે સાથે પાણીનો વ્યય ઓછો થશે જેના પરિણામે જમીનમાં રહેલા ભૂગર્ભ જળના સ્તર ઉંચા આવશે. જે સંચય થયેલા જળનો ભવિષ્યમાં ઉપયોગ થઈ શકશે. આ લોકાર્પણ કાર્યક્ર્મમાં નાયબ મુખ્યમંત્રી દ્વારા ખેડૂતોને અભિનંદન આપતા જણાવ્યું કે ખેડૂત જગતનો તાત છે જે અન્ન પુરુ પાડવાનું કામ કરે છે. રાજ્ય સરકારે ખેડૂતો માટે અનેકવિધ કૃષિ કલ્યાણકારી યોજનાઓ અમલમાં મુકી છે. જેનાથી ખેડૂતોની આવક બમણી કરી શકાય અને ખેતીનો વિકાસ કરી શકાય. આવનારા ભવિષ્યમાં ખેડૂત આર્થિક રીતે સમૃધ્ધ બને તેવા વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના સ્વપ્નને સાકર કરવા રાજ્ય સરકાર કટીબધ્ધ છે. સમગ્ર ગુજરાત રાજ્યમાં આજે ૧૮ લાખથી વધુ હેક્ટર જમીનમાં નર્મદાના નીરના સિંચાઈનો લાભ મળે છે. જ્યારે ૪ કરોડ લોકોને પીવાનું શુધ્ધ પાણી પુરુ પાડવામાં આવે છે.

વધુમાં નાયબ મુખ્યમંત્રીએ જણાવ્યું કે જળ બચાવો, જીવન બચાવો એક અનોખી પહેલ નવાનગરના ખેડૂતોએ કરી છે. જે રાજ્યના અન્ય ખેડૂતોએ પણ અપનાવવા જેવી છે. જેથી કરીને પાણી, વિજળી અને સમયનો બચાવ થાય અને ખેતીની સ્થિતિમાં સુધારો થઈ શકે. પાણી કરકસરથી વપરાય તે જોવાની આપણી સૌની જવાબદારી છે. નવાનગરના ૪૭ પ્રગતીશીલ અને મહેનતુ ખેડૂતોએ રૂ. ૨ કરોડ જેવી માતબર રકમ એકઠી કરીને સહભાગી રીતે યોજનાને સાકાર કરી એક નવો રાહ ચિંધ્યો છે. આ સમરસ એવુ આ ગામના મંડળ કે પંચાયતમાં ક્યારેય ચુંટણી થઈ નથી જે વિકાસની નવી દિશા આપવાનુ કામ આગામે કર્યું છે. આ નાના એવા આ ગામે જળ સંચયનો આ નવો પાઠ શીખવ્યો છે. જે ગુજરાતના દરેક ગામે અપનાવવા જેવો છે. પાણીના ટીપે ટીપાનો બચાવ કરવો અને બાપ-દાદાઓની વર્ષોની મહેનતના પરીણામે ઉપજાઉ બનેલી ધરતીને ભુગર્ભ જળની ખારાશથી બચાવવાનો અને ભુગર્ભ જળ ઉંચા લાવવાની જે પહેલ ગામ દ્વારા કરવામાં આવી છે. તેના માટે આ ગામ આદર્શ જળ સંચયના નમૂનેદાર કામગીરીથી આગળ આવશે. ગુજરાત સરકારે પણ જળ સંચય અભિયાન હાથ ધરીને પાણી બચાવવા માટે ૧૮ લાખ હેક્ટરમાં ડ્રીપ ઈરીગેશન માટે રૂ. ૬૨૦૦ કરોડની ખેડૂતોને સબસીડી આપી છે. હિંમતનગરના ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ચાવડાએ પ્રાસંગિક પ્રવચનમાં જણાવ્યું કે પાણીની સાચી કિંમતો નવાનગરના પ્રગતીશીલ અને ઉધ્યમી ખેડૂતોએ જ સમજી છે.

### હિંમતનગર તાલુકાના વતન બામણા ગામ ખાતે

# કવિ ઉમાશંકર જોષીને અંજલિ અર્પવા મોરારીબાપુની રામકથાનું આયોજન

## ૪ જાન્યુઆરીએ રામકથાનો શુભારંભ ૧૨મીએ પુર્ણાહૂતિ

વિશ્વ પ્રસિધ્ધ ગુજરાતના મહાકવિ મૂર્ધન્ય ઉમાશંકર જોષીના વતન સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર તાલુકાના બામણા ગામ ખાતે અંજલિ સમર્પિત પ.પૂ. મોરારીબાપુની રામકથાનું તા.૪ જાન્યુઆરીથી ૧૨ જાન્યુઆરી દરમિયાન આયોજન કરાયુ છે. આ પ્રસંગે રામકથા બાદ જુદા જુદા દિવસે વિવિધ સાંધ્ય કાર્યક્રમોનું પણ વિશેષ આયોજન થયુ છે. જેમાં કવિ સંમેલન, સંગીત કાવ્યનું ગાન, સંવાદ એકાંકી, નાટક તેમજ લોક સાહિત્ય સાથે ભજન સત્સંગ કાર્યક્રમોનું પણ ભવ્ય આયોજન કરાયુ છે. રામકથા સમિતિ બામણાના આયોજકો દ્વારા શનિવારે મળેલી બેઠકમાં મુંબઈના ઉદ્યોગકાર પ્રવિણભાઈ તન્ના, જીગરભાઈ તન્ના, રાજુભાઈ જોષી, દિનેશભાઈ ત્રિવેદી, પ્રફુલભાઈ કાથાવાલા, દિનેશભાઈ ઠક્કર, મહેન્દ્રસિંહ રહેવર, બામણાના સરપંચ રાજેન્દ્રસિંહ, પ્રફુલભાઈ ઉપાધ્યાય સહિતના આગેવાનોએ જણાવ્યુ હતું કે, બિહારમાં યોજાયેલી પ.પૂ. મોરારીબાપુની રામકથામાં બાપુએ ગુજરાતના સાબરકાંઠાના સપુત અને મહાકવિ મૂર્ધન્ય ઉમાશંકર જોષીને અંજલિ અર્પવા સાબરકાંઠામાં રામકથા કરવી છે અને બાપુએ વ્યકત કરેલો આ વિચાર આજે મૂર્તિમંત થતા તા.૪ જાન્યુઆરીથી ૧૨ જાન્યુઆરી દરમિયાન બામણા ખાતે રામકથાનું આયોજન થયુ છે. તા.૪ જાન્યુઆરીએ સાંજે ૪ થી ૭ દરમિયાન પુજય મોરારીબાપુની રામકથાનો શ્રધ્ધાભેર શુભારંભ થશે. જેની પુર્ણાહૂતિ તા.૧૨ જાન્યુઆરીએ થશે.પુજય મોરારીબાપુની રામકથાના નવ દિવસ દરમિયાન કથા બાદ સાંધ્યના વિવિધ કાર્યક્રમોનું પણ રામકથા સમિતિના આયોજકો દ્વારા આયોજન કરાયુ છે તેમજ નવ દિવસની રામકથા પૂર્વે પ્રતિદિન ઉપસ્થિત રહેનાર સાહિત્યકારો રઘુવીર ચૌધરી, નિતીન વડગામા, સુશ્રી શરીફા વીજળીવાળા, સુશ્રી મીનળ દવે, સતિષ વ્યાસ, હર્ષદ ત્રિવેદી, ચંદ્રકાન્ત શેઠ, રાજેશ પંડયા, મણીલાલ પટેલ સાહિત્યકારોના વકતવ્યો પણ યોજાશે. તા.૬ જાન્યુઆરીએ સાંજના ૫ કલાકે મૂર્ધન્ય કવિશ્રી ઉમાશંકર જોષીની રચનાઓનું સંગીત કાવ્ય અમર ભટ્ટ, ગાર્ગી વોરા, હીમાલ વ્યાસ, નાયક અને વાદ્ય વૃંદ ગાન કરશે. તા.૯ જાન્યુઆરીએ સાંજે ૫ કલાકે કર્ણ-કૃષ્ણ સંવાદનું સંવાદ અને એકાંકી જયદેવ શુકલ અને વિનોદ જોષી પ્રસ્તુત કરશે. કવિ ઉમાશંકર જોષી લિખીત નાટક પડઘા શ્રી કૃષ્ણકુમારસિંહજી ભાવનગર યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ નાટક પ્રસ્તુત કરશે. તદ્પરાંત સાંધ્ય કાર્યક્રમોમાં લોકસાહિત્ય સાથે ભજન સત્સંગના કાર્યક્રમો માટે પણ આયોજન કરાયુ છે.